# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## વ્યાખ્યાન માળા ૨૦૨૨-૨૩

## જૈન તીર્થોની ભવ્ય ગાથાઓ

## વ્યાખ્યાન – ૨૦ બિહાર અને ઝારખંડના તીર્થો-૪

વ્યાખ્યાતા- શ્રી અર્પીતભાઈ શાહ

તારીખ – ૨૯/૦૪/૨૦૨૩

સમ્મેત શિખર એટલે એ તીર્થસ્થાન કે જ્યાંથી 20 20 તીર્થંકરો નિર્વાણ પામ્યા એ અદભુત શિખરજી ની ભૂમિ ની યાત્રા આજે આપણે કરીશું છે. ઝારખંડનો પ્રદેશ છે ગીરહિડી હતી. 30 km તથા ધનબાદ થી ૭૫ કિલોમીટર દૂર આ તીર્થ આવેલું છે એવા સમ્મેત શિખર ની તળેટી જે કહેવાય છે એવું મધુબન જે ગામ છે અને ત્યાંથી ગીરી આરોહણ થાય છે એ ગિરિરાજ કે જ્યાંથી 24 તીર્થંકરો માંથી 20 તીર્થંકર ભગવાન તો નિર્વાણ પદને પામ્યા છે. પ્રાચીનકાળમાં જેનું નામ હતું સંમિત શૈલ,સમ્મ્મેતાચલ, સમ્મેત શિખર અને સમાધિ ગીરી આવા અનેક અનેક નામથી જે શોભાયમાન હતું અને વર્તમાનમાં એ પારસનાથ હીલના નામે પ્રચલિત છે એવું 4,448 ફીટ ઊંચું એવા આ અદભુત શિખર તીર્થની યાત્રાનો આપણે પ્રારંભ કરીએ.

એક સમય હતો જ્યારે આ શિખરની તળેટી પાલગંજમાં હતી. કાળના પ્રવાહમાં એ આગળ વધતા એ મધુબન સુધી પહોંચી ગઈ છે. આજે પણ આપણે પાલગજ જઈએ તો ત્યાંથી જ પહાડી રસ્તો શરૂ થઈ જાય છે.આ તીર્થના નામનો અર્થ આપણે સમજીએ તો સામાન્ય રીતે સંમેત નો અર્થ ઘણું બધું થાય છે. એક સાથે ઘણા બધા એક સાથે ઘણા તીર્થંકરો મોક્ષમાં ગયા એટલે એનું નામ સંમિત પડ્યું હશે. સંમિતના બે પદનો ભાગ થાય બરાબર સમ્યક ભાવને પામેલું સુંદર અને પ્રશસ્ત. દિગંબર માન્યતામાં સમય તો શિખર નહીં પરંતુ સંવેદ શિખરજી કહેવાય છે એટલે સમ્યક ભૂમિ મેદ નો અર્થ પૃથ્વી થાય એટલે જે ભૂમિ છે એ સમ્મેત

શિખર.  અલગ અલગ શાસ્ત્રોમાં આપણને અલગ અલગ નામ જાણવા મળે છે પરંતુ આપણે તો સામાન્ય ભાષામાં શિખરજી જ કહેતા હોઈએ છીએ.

આપણે આગમો અને શાસ્ત્રીય ઉલ્લેખની વાત કરીએ તો સૌથી પહેલા આપણને આપણું જે છઠ્ઠું અંગ આગમ છે જ્ઞાતાધર્મ કથા સૂત્રમાં અહીંનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, કલ્પસૂત્ર અને વસુદેવ હીંડીમાં પણ આનો ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે. 54 મહાપુરુષના જીવનમાં ત્રિ ષષ્ઠી શલાકા પુરુષ વિવિધ તીર્થંકલ્પમાં આ શિખરજી નું વર્ણન છે. સકલાર્થ સૂત્રમાં પણ કલિકાલ સર્વજ્ઞ પૂજ્ય આચાર્ય શ્રી હેમચંદ્ર સુરિ મહારાજ શિખરજી તીર્થ નો મહિમા બતાવે છે. અષ્ટાપદ પર્વત આ બધાની સરખામણી શિખરજી સાથે થઈ છે, શત્રુંજય સાથે પણ સરખામણી કરી છે. વિક્રમની 13મી સદીમાં રચાયેલા શ્રી પ્રવચન સારોદ્ધાર માં પણ  શિખરજી તીર્થને ભૂમંડલ પર આવેલ તીર્થોમાં અગ્રીમ સ્થાન મળેલું છે 17મી સદીમાં જય વિજય રાજ મહારાજ દ્વારા રચાયેલ સમ સમ્મેત  શિખર તીર્થમાળામાં એમણે લખ્યું છે. સીમંધર સ્વામી તો કહે છે કે આ તીર્થ તો  શત્રુંજય ની તોલે છે. એવી એક કલ્પના છે કે શત્રુંજય અને સમ્મેત શિખર બંને એક સમાન છે. પ્રાચીન કાળમાં આપણને ઘણા ઉલ્લેખ મળે છે કે આપણા ભગવંતો આ તીર્થોની યાત્રા કરતા હતા તો એના કેવા કેવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે એના તરફ આપણે આગળ વધીએ.

બીજી સદીમાં પ્રભાવ ચરિત્ર અનુસાર આચાર્ય પાદલિપ્ત સુરિ તેમના નામથી પાલીતાણા નગર વસ્યું છે, જેમની પાસે આકાશગામીની વિદ્યા હતી તેઓ અહીં એ વિદ્યા દ્વારા નિત્ય યાત્રા કરવા આવતા હતા એવો ઉલ્લેખ આપણને પ્રભાવક ચરિત્રમાં મળે છે અને નવમા સહીકામાં આચાર્ય શ્રી બપ્પ ભટ્ટ સુરીશ્વરજી મહારાજા પણ યાત્રા કરવા આવતા હતા. વનવાસી ગચ્છના આચાર્ય પ્રદ્યુમનસુરીજી દ્વારા નવમી સદીમાં સમ્મેત શિખરજીની સાત વખત યાત્રા કરવામાં આવી હતી. કુમારપાળ સોનપાલ લોઢા એ આગરાથી સંઘ યાત્રા અહીં લાવ્યા હતા. ત્રિકોણકુંડ એમણે જોયો હતો, નિર્વાણ સ્તુપો જોયા હતા ત્યારે એમણે આદિવાસીઓની પણ વાત કરી હતી કે અહીં કેવા કેવા આદિવાસીઓ રહે છે. અહીંના જંગલોમાં. એ બધી વાત કરી હતી અને

આજના સમયમાં આપણને બહુ અજંપો લાગે એવું ત્યારે સુભટો સાથે લઈ જવું પડતું હતું આ યાત્રા કરવા માટે જો કારણ કે આ યાત્રા ખુબ સેફ નહોતી અને ત્યાંના આજુબાજુના જે રાજાઓ હતા એમની પરમિશન લઈને એમને ગિફ્ટ આપીને એમને રાજી ખુશી રાખીને એમની સેવા કરીને સેનાઓ સાથે અહીં યાત્રા થતી હતી. જ્યારે આ સંઘ યાત્રાનું આપણે વિવરણ સાંભળતા હોઈએ ત્યારે આપણને આવા ઉલ્લેખ પ્રાપ્ત થાય છે જ્યારે કુંવર પાલ સોનપાલ લોઢા આ સંઘ લઈને આવ્યા હતા ત્યારે તેઓ એ  નિર્વાણ સ્તુપોની અર્ચના કરી હતી. લગભગ 16 મી સદી સુધી ત્યાં નિર્વાણ સ્તૂપ હાજર હતા. 16 મી સદીની એકદમ શરૂઆતમાં પન્યાસ  શ્રી હંસ સોમ મુનિજી અહીંથી સંઘ લઈને યાત્રા કરી. તેમણે પણ અહીં ઉલ્લેખ કર્યો હતો કે એ સમયે શિખરજીની તળેટી પાલગંજ હતી. ત્યાં ચડવાનો માર્ગ પણ વિષમ હતો. વાઘ સિંહ અને હાથીઓના ઝુંડે ઝુંડ મળતા હતા. વાંસના મોટા જંગલો હતા અને કેળના વન હતા .ઘણા ઘણા આદિવાસીઓ હતા.સ્તૂપો ની વચ્ચે પાણીથી ભરેલા ત્રિકોણ કુંડ હતા અને હાથીઓ ત્યાં પાણી પીવા માટે આવતા હતા. એ સમયે કેવું સરસ નૈસર્ગિક વાતાવરણ હશે એનું ઉદાહરણ આપણને અહીંથી મળે છે. તીર્થ માળા દ્વારા 17 મી સદીમાં પન્યાસ સૌભાગ્ય વિજયજી મહારાજે શિખરજીના પહાડો ચડ્યા હતા. રઘુનાથ પૂરથી અલગ રસ્તે થી ચડ્યા હતા ત્યાંથી પણ ચડવાનો માર્ગ છે છતાં પરંપરા ઓછી છે કે આપણે માત્ર યાત્રા કરીએ છીએ પણ દિગંબર પરંપરામાં શિખરજીની પ્રદક્ષિણા દેવાની પણ એક પરંપરા છે. તેઓ ત્રણ દિવસ પ્રદક્ષિણા કરે અને પછી ગીરી આરોહણ કરે અને એમાંથી એક રસ્તો આવે છે રઘુનાથપુરનો. તો ઘણા ભાવિકો રઘુનાથપુર થી પણ સમ્મેત શિખર નું આરોહણ કરે છે. વિજયજી મહારાજ અનુસાર તેઓએ  રઘુનાથપુરથી આ પહાડનું આરોહણ કર્યું હતું ત્યાં ના જે રાજા હતા એ પણ સાથે રહ્યા હતા ગુરુ ભગવાન તો પણ સાથે હતા અને ભક્તિપૂર્વક યાત્રા કરાવી 18 મી સદીમાં પણ જય વિજયજી મહારાજ દ્વારા સંઘ સહિત અહીં યાત્રા કરવામાં આવી હતી એમાં ઉલ્લેખ છે કે પાલગંજના રાજા પણ એની સાથે જોડાયા હતા એમણે પર્સનલી કાળજી લઈ અને સંઘને સુંદર યાત્રા કરાવી હતી. 18 માં સેકામાં પં વિજય સાગર મુનિની મિશ્રામાં સંઘ યાત્રા નીકળી હતી. પાલગંજ ના રાજાએ સાથે રહીને સંઘને યાત્રા કરાવી હતી. અનેક સમયમાં અહીં જીર્ણોદ્ધાર થતા રહ્યા છે. પ્રાગ ઐતિહાસિક કાળમાં આપણે જઈએ તો એવા ઉલ્લેખો પ્રાપ્ત

થાય છે પ્રભુ પાર્શ્વનાથ ભગવાનના નિર્વાણ પહેલા 19 જીર્ણોદ્ધાર ઓલરેડી થઈ ચૂક્યા હતા અને ત્યારબાદ આચાર્ય દેવ શ્રી દિનકરશ્રીજી મહારાજ ના ઉપદેશથી ગંધપુરના રાજા પ્રભસેન દ્વારા 20 મો ઉદ્ધાર કરાવવામાં આવ્યો હતો. નવમી સદીમાં વનવાસી કચ્છના આચાર્ય પર પ્રદ્યુમનસુરીજી દ્વારા 20 નિર્વાણ સ્તૂપની સ્થાપના કરવામાં આવી હતી પ્રાગ ઐતિહાસિક કાળના કાળની વાત છે આના કોઈ પણ ઐતિહાસ પુરાવા આપણને મળતા નથી પણ નવમી સદીમાં જે જીર્ણોદ્ધાર થયો ત્યારે આચાર્યશ્રી પ્રદ્યુમન્સૂરીજી એ અહી ૨૦ નિર્વાણ સ્તૂપની સ્થાપના કરી હતી. જ્યાં જ્યાં તીર્થંકરો નિર્વાણ પામ્યા હતા ત્યાં 20 નિર્વાણ સ્તૂપની સ્થાપના તેઓએ કરી હતી. એનો ઉલ્લેખ આપણને 16 મી સદીના એન્ડ સુધી પ્રાપ્ત થાય છે એટલે નવમી સદીથી લઈને 16મી સદી સુધી હયાત હતા. આચાર્ય દેવેન્દ્રશ્રીજી મહારાજ એમણે વંદાર વૃતિ નામનો એક ગ્રંથ લખેલો એ શિલાલેખના આધારે જે શિલાલેખ આજે કુંભારિયામાં છે આ બંનેના આધારે આપણને ખબર પડે છે કે 13 મી સદી માં આચાર્ય પરમાનંદ સૂરીશ્વરજી મહારાજા દ્વારા શિખરજી ઉપર દેવાલય મૂર્તિને પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

16 મી સદીના એન્ડ માં આપણને અકબર રાજા દ્વારા જગતગુરુ હીર વિજય સુરીશ્વરજી મહારાજાને શિખરજી આદિ તીર્થોની ભેટ કરવામાં આવી હતી તે સમયે શિખરજીની સંપૂર્ણ માલિકી જૈન ઓના હાથમાં આવી હતી. એ પછી 17મી સદીમાં જહાંગીરના પુત્ર આલમગીરીએ શિખરજીને કર્મુક્ત કર્યો કર મુક્ત કર્યા એટલે કે જે પણ ટેક્સ લાગતો હતો એને માફ કર્યો હતો. 18 મી સદીમાં બંગાળ સુબા નવાબ અહમદશાહ દ્વારા મૂર્તિ બાદના જગત શેઠ મહેતા રાયને મધ્ય મધુવન કોઠી આદિ 301 વીઘા જમીન અને શિખરજી તીર્થની જમીન ભેટ આપવામાં આવી. ત્યારબાદ 17 6 9 માં તપાગચ્છ ના દેવ વિજયજીની પ્રેરણાથી જગત શેઠ ખુશાલ ચંદે નિર્ણય કર્યો કે હવે નિર્વાણ સ્તુપો રહ્યા નથી તો ઓળખ કઈ રીતે કરવી કે કયા સ્થળ થી કયા ભગવાન તો મોક્ષે ગયા હતા તો તેઓએ ગુરુ ભગવાનની આજ્ઞા થી ખુશાલ ચંદે અઠ્ઠમ તપ ની આરાધના કરી અને એ બાદ તેઓને ત્રીજી રાત્રીએ સ્વપ્નમાં ખબર પડી કે ગિરિરાજ ઉપર જ્યાં જ્યાં જેટલા સ્વસ્તિક કર્યા હશે ત્યાં ભગવંતો નિર્વાણ પામ્યા હશે. એટલે 19જો સ્વસ્તિક હશે તો ત્યાં 19 માં ભગવાનની નિર્વાણ સ્થલી હશે. તે હિસાબથી

કરવામાં આવ્યું. કયા કયા ભગવાન તો ક્યાંથી મોક્ષે ગયા હતા એ સમયે એમણે સુંદર ડેરીમાં તીર્થંકર ભગવાનની ચરણ પાદુકાઓની સ્થાપના કરી જળ મંદિરની પ્રતિષ્ઠા કરી અને તળેટીમાં શામળિયા પાર્શ્વનાથ નું જીનાલય તથા ભોમિયાજીના મંદિરનું નિર્માણ કર્યું જે આજે પણ વિદ્યમાન છે. અહીં ફોટો માં બતાવ્યા પ્રમાણે ખુશાલ ચંદે જે પાદુકાઓની સ્થાપના કરી હતી એ શિલા લેખ સાથે આપણને જોવા મળે છે. આજે પણ હયાત છે અમુક ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે કારણ કે પહાડી વિસ્તાર છે ઘણીવાર વીજળીઓ પડતી હોય અને એથી ઘણી બધી ચરણ પાદુકાઓ નષ્ટ થઈ જાય છે અને એની જગ્યાએ નવી પાદુકાઓ બને છે. તો આજે પ્રાચીન પાદુકાઓમાં જેમાં જે પણ શિલાલેખ વિધમાન છે એમાં અમુક ફોટા અહીં મૂક્યા છે. શિલાલેખમાં સ્પષ્ટ પ્રમાણે લખેલું છે કે આ ચરણ પાદુકાઓની સ્થાપનાક્યારે કરવામાં આવી હતી ખુશાલચંદ દ્વારા.

એ પછી 19 મી શરૂઆતમાં 1901 માં પાર્શ્વનાથ ટૂંક પર આરસના જીનાલય નું નિરમાં ણ કરવામાં આવ્યું. ત્યાં પહેલા એક નાનકડી ગુફા હતી અને એમાં એક ટૂંક હતી અને ત્યાં જ પૂજા અર્ચના થતી હતી પણ ત્યારબાદ 1901 માં સંપૂર્ણપણે નવી ટુંક નું નિર્માણ કરવામાં આવ્યું અને 1960માં સંપૂર્ણપણે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો આચાર્ય શ્રી સાગરાનંદજી મહારાજ સાહેબની પ્રેરણાથી જેટલી પણ ડેરીઓ જરૂર અને જલ મંદિર હતા તેનો જીરણોદ્ધાર કરવામાં આવ્યો ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય માણિક્ય સાગરજી ની નિશ્રામાં એની પ્રતિષ્ઠા થઈ હતી. ઘણા સમયથી વિવાદગ્રસ્ત છે આ તીર્થ એટલે એના ઇતિહાસમાં આપણે જોવું પડશે કે કેમ આજે પણ એ વિવાદમાં છે? સરકારે આપણા હાથમાંથી લઈ લીધું છે? એને સમજવાનું આપણે એક નાનકડો પ્રયાસ કરશું કે આની શરૂઆત ક્યાં થઈ હતી આની શરૂઆત તો બહુ પહેલા થઈ ગઈ હતી 18મી સદી થી જગત શેઠ કે જેમને તીર્થ આપી દેવામાં આવ્યું હતું અને તેઓ સંભાળતા હતા. એ સમયમાં એક વખત એમની ફાઇનાન્સિયલ પોઝિશન થોડીક નબળી પડી અને એના લીધે અહીંનો વહીવટ તે વ્યવસ્થિત સંભાળી શકતા નહોતા એટલે પાલગંજ ના રાજા ને તેમણે અહીં રખેવાળ તરીકે નિયુક્ત કર્યા એક પત્ર લખીને કે તમે અહીંનો વહીવટ સંભાળો અને રખવાળી કરો અને એ સમયે પાલગજના રાજાએ અહીંનો વહીવટ સંભાળ્યો.

સુરક્ષા આદીની વ્યવસ્થા સંભાળી ત્યારબાદ તીર્થની જેટલી પણ આવક થાય એમાંથી અને સંઘયાત્રીઓ પાસેથી પણ કર વસૂલ તો અને પોતાનો ખર્ચ પૂરો પાડતો અને આજે પત્ર જગત શેઠ દ્વારા પાલગંજ ના રાજા ને લખવામાં આવ્યો હતો એના આધારથી બ્રિટિશ સામ્રાજ્ય રેકોડ ઓફ રાઈટ એટલે કે અહીંની જે જમીનદારી હતી એ પાલગંજ ના રાજા ને સોંપી દીધી એટલે કાનૂની ધારણા એવી ઊભી થઈ કે આ ભૂમિ શિખરજી પાલગંજરાજાની મિલકત છે એટલે જે જગત તો શેઠની માલિકીમાં હતી એ હવે પાલગંજ ના રાજા ની માલિકીમાં થઈ ગઈ. 19 મી સદીની પહેલા અંતમાં બ્રિટિશ સરકાર ના લેફ્ટનન્ટ બિડેલ દ્વારા શિખરજીની નું સર્વેક્ષણ અને નોંધ કરવામાં આવી એમાં એમણે લખ્યું કે આ પહાડો પર સોળ હજાર આદિવાસીઓ રહે છે અને એ સંથાલ કહેવાય અને તેઓ આ પહાડને મારંગ બારું  નામના દેવતા તરીકે પૂજતા હતા અને વર્ષમાં એક સ્થાનિક મેળો યોજાતો અને એ પહાડ ઉપર પ્રાણીઓનો શિકાર પણ થતો હતો ત્યારે જૈનો દ્વારા કોઈપણ ઓબ્જેક્શન લેવામાં આવ્યો નથી. 19 મી સદીમાં આપણને એ પણ ખબર પડે છે કે પાલગંજ ના રાજા એ અમુક ભૂમિને મિલિટરી સેનીટોરિયમ બનાવવા માટે આપી દીધી અને અમુક વર્ષ પછી એને બંધ કરવામાં આવ્યું અને એ જ જગ્યાએ ડાક બંગલો બનાવવામાં આવ્યો છે આજે પણ હયાત છે.

ત્યારબાદ ઘણા વિવાદ થયા પાલગંજજના રાજા અને શ્વેતાંબર પંથ વચ્ચે માલિકીને લઈને. એકબીજાને ઉપર કેસ દાખલ થયા અને બંનેનું સમાધાન થયું એકરાર નામું લખાયું એમાં એવું લખેલું હતું કે રાજાએ નવા જમીનના મંદિર નિર્માણ માટે લાકડા પથ્થર આપ્યા હતા અને એની સામે શ્વેતાંબરોએ પાલગંજ ના રાજા ની માલિકી સ્વીકારી હતી અને કે આ પર્વત રાજગંજ ના રાજા ની માલિકીનું છે 19 મી સદીમાં હજુ એક વસ્તુ થઈ પાલગંજ ના રાજાએ બે હજાર એકર ભૂમિની બોડડમ નામના અંગ્રેજને આપી દીધી અને ત્યાં ટી પ્લાન્ટેશન બનાવવામાં આવ્યું પણ અમુક વર્ષો પછી એ જ ટી પ્લાન્ટેશનમાં કતલખાનાની શરૂઆત થઈ ગઈ અને એ કતલખાનામાં ભૂંડળાઓને મારવામાં આવતા હતા એની જાણ જ્યારે શ્વેતાંબર સમુદાયની થઈ ત્યારે તેઓએ ફરીથી કેસ દાખલ કર્યા અને અદાલતે તે સમયે એવું જણાવ્યું અહીંની માલિકી ભલે પાલગંજના રાજા પાસે હોય પણ પહેલા જે એકરાર નામું થયું તેની આ

તદ્દન વિરુદ્ધ છે એટલે કતલખાનું બંધ કરવામાં આવ્યું. અહીં પછીથી દિગંબર સમુદાયના અમુક લોકોએ એ સમયે ટેકરી નહોતી તો એમણે વિચાર્યું કે અહીંથી આપણે ટેકરી બનાવી અને લોકોને ચડવા ઉતરવાનું સારું થઈ જાય એટલે પાલગંજના રાજા પાસેથી અનુમતિ લઈને દિગંબર હોય ટેકરી બનાવી અને અને એમણે શ્વેતાંબર પંથની અનુમતિ ના લીધે એટલે જરાક શ્વેતાંબરોની લાગણી દુબઈ અને કેસ થયો અને એના આધારે એ નિર્ણય કરવામાં આવ્યો પાલગંજના રાજા બરાબર છે અને તેઓ જેને પણ અધિકાર આપી શકે ટેકરી બનાવવાનો અને એનો અધિકાર કોઈ લઇ ના શકે અને એ પછી 1901 મળશે તો શ્વેતાંબર સંઘ દ્વારા પાર્શ્વનાથ ભગવાનનું આરસના જીનાલય નું નિર્વાણ કરવામાં આવ્યું તે સમયે કારીગરો ઉપર રહેતા ઘણા ઘણા મહિનાઓ સુધી ઉપર રહેતા અને ત્યાં અસુચી આદિ પણ થતા હતા એનો ઓબ્જેક્શન દિગંબર સંપ્રદાય ઉપાડી કે આ બધું યોગ્ય નથી અને એની સામે કેસ પણ કરવામાં આવ્યો જ્યારે બે વર્ષમાં આખા જિનાલય નું નિર્માણ  થઈ ગયું ત્યાર પછી આ કેસ પાછો લઈ લેવામાં આવ્યો. 1910 માં આપણને ખબર પડે છે કે પાલગંજ ના રાજા ની આર્થિક સ્થિતિ ઘણી નબળી પડી ગઈ હતી એટલે એણે નક્કી કર્યું કે શિખરજી ને હવે લીસ પર આપી દેવું .અને 1918 માં કલકત્તાના રાય બહાદુર બદરીદાસ મુખીની સહાયથી શેઠ આનંદી કલ્યાણજી પેઢી દ્વારા પાલગંજ રાજા પાસેથી ₹2,42000 અને વાર્ષિક ₹4,000 ની એડીશનલ લીઝ નીરકમ ચૂકવીને પર્વતની માલિકી મેળવી. અમુક ભાગો  નવાગઢ ના રાજા પાસે રહેલ ડુંગરનો એક ભાગ પણ લઇ લીધો  એ ભાડા પટ્ટી મેળવ્યો. આ પહાડના અમુક ભાગ નવાગઢના રાજા પાસે પણ હતા તો એમને પણ ભાડા પેટે તો મેળવી લીધું એટલે લીઝ ના રાઇટ મેળવી લીધા તો આ વાત જાણીને દિગંબર સંપ્રદાય અને સંથાલો એ દુઃખ થયું કે આવી રીતે કોઈ કેવી રીતે માલિકી મેળવી શકે અને એમના દ્વારા પ્રિવી કાઉન્સિલમાં કેસ દાખલ કરવામાં આવ્યો. અને ૧૯33 માં પ્રીવી કાઉન્સિલ દ્વારા ટૂંકોનો વહીવટ અધિકાર શ્વેતામ્બરો ને દિગંબરોને પૂજા આદિના અધિકાર પ્રાપ્ત થયા દિગંબરો કોઈ બાંધકામ ન કરી શકે પણ શ્વેતાંબરોની અનુમતિ હોય તો તેઓ બાંધકામ આદિ કરી શકે. અને ત્યારબાદ ભારતની આઝાદી થઈ એ પછી બિહાર લેન્ડ રિફોર્મ એક્ટ નામનું છે જે લો પાસ થયો જમીનદારી સિસ્ટમ એપોલીસ કરવા માટે એનો ઉપયોગ કરીને બિહાર સરકારે આખી આ

પર્વતની માલિકી પોતાના કબજે કરી લીધી અને એના વિરોધમાં અલગ અલગ કેસો દાખલ થયા એની ઘણી બધી વિગતો મળે છે. આ હાઇકોર્ટનો ચુકાદો હતો 2004માં એ મુજબ રાંચી હાઇકોર્ટે એનો નિર્ણય કર્યો અને એ નિર્ણય અનુસાર શિખરજીની સંપૂર્ણ ભૂમિ રાજ્ય સરકારની ની પાસે આવી ગઈ એમના ત્યાંના જેટલા પણ જલ મંદિર અને ટૂંકો પણ ભૂમિ છે 46 એકરની જે જગ્યા છે એને વન વિભાગની બહાર રાખવામાં આવશે અને સરકારની પરવાનગી પછી પર્વત ઉપર દિગંબરો ને ધર્મશાળા બાંધવાની અનુમતિ મળી અને એક પાંચ જણના સભ્યોની સમિતિ દ્વારા ટૂંકોનો વહીવટ થશે મૂર્તિપૂજક શ્વેતાંબર દિગંબર સ્થાનકવાસી અને તથા તેરાપથી સમાજના એક એક સભ્ય તથા ડિસ્ટ્રીક કલેકટર ની અધ્યક્ષતા હેઠળ સમિતિ રચવામાં આવી હતી અને તેઓ દ્વારા અહીંનું કારભાર સંભાળવામાં આવે છે આજે પણ આ પરંપરા ચાલી રહી છે. આ ચુકાદાની વિરોધમાં બંને સંપ્રદાય તથા સરકાર વચ્ચે સુપ્રીમ કોર્ટમાં કેસ આજે પણ ચાલુ છે અને સાથે સાથે આદિવાસીઓની પણ અધિકારી માંગણીઓ ચાલુ છે તેઓ આ પહાડને મારગ બારુંની રૂપે પૂજે છે અને તેઓ પણ અહીં પોતાનો અધિકાર જમાવે છે એટલે આ વિવાદ આજે પણ ચાલુ છે હવે આપણે મધુબન ની યાત્રાઓ શરૂ કરી મધુબની તળેટીમાં જેટલા પણ દેરાસર છે અને ગામની અંદર પ્રવેશતા જે જે સિક્વન્સમાં દેરાસર આવતા જશે એ સિક્વન્સમાં આપણે વાત કરીશું.

મધુબનમાં જેવું આપણે પ્રવેશ કરીએ છીએ એવો ડાબી બાજુ રાજેન્દ્ર ધામ નામે એક જિનાલય આવે છે જેની 2018માં પ્રતિષ્ઠા કરવામાં આવી છે. એના મૂળનાયક શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન છે. કલી કુંડ ના ઉદ્ધારક તથા શરાક ઉધારક આચાર્યશ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની અંતિમ સંસ્કાર ભૂમિ આ રહી ચૂકી છે અને તેમની સ્મૃતિમાં અહીં રાજેન્દ્રધામ તીર્થની સ્થાપના કરવામાં આવી છે એના આપણે દર્શન કરીએ. ત્યાંથી આગળ વધતા જહાજ મંદિર નામનું એક જિનાલય આવે છે કે આચાર્ય સૂયસ મુની દ્વારા 1993 માં એની પ્રતિષ્ઠા થઈ હતી. અહીં સરસ મજાની નવ હાથ ઉંચી ભગવાન પાશ્વનાથ ની કાયોત્સર્ગ મુદ્રામાં પ્રતિમા છે. અહીં જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યું છે અને અહીં સરાગ સંઘની પણ સ્થાપના કરવામાં આવી છે સુરેશ મુની દ્વારા. અહીં મનમોહન પાર્શ્વનાથ ભગવાનની પણ પદ્માસન મુદ્રામાં સરસ મજાની

પ્રતિમા છે. આગળ વધતા ભોમિયા ભવન આવે છે જેની પ્રેરણા આચાર્ય શ્રી રત્નભૂષણ સૂરિ મહારાજ દ્વારા કરવામાં આવી હતી. 1996માં તેમની નિશ્રામાં આદિનાથ ભગવાન તથા ભોયરામાં ભક્તામર મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ઇસ 2005માં આચાર્યશ્રી મુક્તિપ્રભ સુરિની નિશ્રામાં પ્રથમ માળે મૂળ નાયક શ્રી શાંતિનાથ ભગવાન તથા 108 પાર્સ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ભોમીયાજી મહારાજની રાજ્ય અવસ્થાના પ્રતિમા આપણને અહીં જોવા મળે છે. 20 નિર્વાણ ટૂંકનું દ્રશ્ય પણ અહીં દેખાય છે ચિત્રપટમાં. આગળ વધતા કચ્છી ભવન આવે છે આ વિશ્વનું એકમાત્ર એવું જિનાલય છે જ્યાં મૂળ નાયક કોઈ પ્રભુ કોઈ ચોક્કસ તીર્થંકર નહીં પરંતુ અરિહંત પરમાત્મા છે. અહીં જે મૂળ પરમાત્મા છે એ ચોમુખજી છે એનું નામ અરિહંત પરમાત્મા છે એટલે આ બીમ્બ દ્વારા આપણે પરમાત્માની આરાધના કરી શકીએ સમસ્ત અરિહંત પરમાત્માની આરાધના કરી શકીએ એ વિચાર દ્રષ્ટિથી આ સરસ મજાનું દેરાસર 1984 માં અચલગચ્છના અધિપતિ શ્રી ગુણ સાગર સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી નિર્માણ કરવામાં આવ્યું. અહીં વિસ તીર્થંકર ભગવાન તો જે મોક્ષમાં ગયા છે એમની 20 ટૂંકો શિખરથી ડેરીઓ પણ બનાવવામાં આવી છે એમની 20 પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. એના આપણે અહીં દર્શન કરી શકીએ છીએ. આગળ વધતા ધર્મ મંગલ વિદ્યાપીઠ આવે છે.કમલ મંદિરની અદભુત રચના આપણને અહીં જોવા મળે છે.

આચાર્યશ્રી ધર્મસુરીશ્વરજી મહારાજના ઉપાધ્યાય શ્રી મંગલ વિજયજી મુની શ્રી
પ્રભાકર વીજયજી આચાર્ય શ્રી પદ્મપ્રભ જી ની પ્રેરણાથી આ નિર્મિત કરવામાં આવ્યું છે. 1989 માં મૂળનાયક શ્રી પાશ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કમળ આકારનું સુંદર ગુરુ મંદિર તથા પદ્માવતી દેવીનું મંદિર બનાવવામાં આવ્યું છે. આગળ વધતા દિગંબર જૈન તેરા પંથ કોટી આવે છે કોઠી આવે છે જેનું નિર્માણ 19 મી સદીના પૂર્વ ભાગમાં કરવામાં આવ્યું છે. અહીં કુલ 11 જીન મંદિરો નો સમાવેશ કરવામાં આવ્યો છે એના મૂળનાયક ચંદ્ર પ્રભ સ્વામી છે જેમના આપણે દર્શન કરીએ ખૂબ જ સરસ ભાવ મુદ્રામાં પ્રભુજી અહીં બિરાજમાન છે. શ્વેત આરસપહાણની પ્રતિમામાં આગળ જતા શ્વેતાંબર કોઠી આવે છે જેને નવાબ અહેમદશાહે

શ્વેતાંબર કોઠી અને શિખર ની માલિકી જગત શેઠને આપી હતી એમાં આજે 24 જીન મંદિર નવ મંદિર અને અધિષ્ઠાયક દેવ ભોમિયાજી મહારાજ ના મંદિરનો પણ સમાવેશ થાય છે. અને વર્તમાન મૂળનાયક શામળિયા પાર્શ્વનાથ ભગવાનની આચાર્ય શ્રી જીન હર્શ સુરીશ્વરજી મહારાજ દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી છે. 2019 માં આચાર્ય શ્રી પિયુષ સાગરજીના માર્ગદર્શક અનુસાર તથા આચાર્યશ્રી રાજશેખર સૂરીશ્વરજી મહારાજ આચાર્યશ્રી વિનયસાગર સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં 2019 માં પુનર પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ સંકુલની અંદર અનેક અનેક પ્રાચીન પ્રતિમાઓ છે અધિષ્ઠાયક દેવ ભોમિયાજી મહારાજના પ્રાચીન મંદિરનો જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે. જીર્ણોદ્ધાર બાદ તે અતી ખૂબ જ સુંદર દેખાય છે. જૂની સ્ટાઇલ ના દેરાસર હતા હવે નાગર શૈલીમાં આ દેરાસરો બનાવવામાં આવ્યા છે. પ્રાચીનમાં પ્રાચીન 20 તીર્થંકર ભગવાનની ચરણ પાદુકાઓ છે જેનો ફોટો ની વચ્ચે મૂકવામાં આવ્યો છે. પહેલા એવું હતું કે અહીં પ્રતિમાઓની સ્થાપના થતી નહોતી પહેલા માત્ર પાદુકાઓની સ્થાપના થતી હતી અને ધીમે ધીમે પછી પ્રતિમાઓની સ્થાપના થવા લાગી ૨૦તીર્થંકરો સાથે આદિનાથ અને પાશ્વનાથ ભગવાનની પ્રાચીન ચરણ પાદુકાના પણ આપણને દર્શન થાય છે. ગોડીજી પાર્શ્વનાથ ભગવાન ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર સ્વામીની સ્ફટીકની પ્રતિમાના પણ આપણે દર્શન કરી શકીએ છીએ. ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના  પણ 19 મી સદીમાં જ પ્રતિષ્ઠા થઈ અને એને ખૂબ જ ચમત્કારિક માનવામાં આવે છે કે અહીં જે પણ જાય છે એને મનનો ઘણો બધો સંતોષ પ્રાપ્ત થાય છે .અહીં જાપ કરવા માટે ઉત્તમ સ્થાન છે. એવા ભગવાનના આપણે દર્શન કરીએ. પ્રાચીન સંભવનાથ ભગવાન પાશ્વનાથ ભગવાન અને આદિનાથ ભગવાન અને આપણે દર્શન કરીએ જે અહીં બિરાજમાન છે.

અહીં નાગેશ્વર પાશ્વનાથ સમભવનાથ  પાર્શ્વનાથ તથા પાર્શ્વ પદ્માવતી ની પ્રાચીન પ્રતિમાઓ આપણને દર્શન થાય છે. પ્રાચીન ધાતુ પ્રતિમાઓનો પણ બહુ સરસ ભંડાર છે 18મી 19મી સદીની ઘણી ઘણી પ્રાચીન પ્રતિમાઓ અહીં આપણને મળી છે બહુ યુનિક સ્ટાઈલમાં પછીના

ઘડતા બનાવવામાં આવ્યા છે આવા ગટા આપણને  આ જ ક્ષેત્રમાં જોવા મળે છે બીજે ક્યાંય જોવા મળતા નથી. હાલમાં 2019 માં જે જીર્ણોદ્ધાર થયું એ પછી નુતન પ્રતિષ્ઠિત એવા સીમંધર સ્વામી આદિના બિંબની પણ અહીં સ્થાપના કરવામાં આવી છે. જે પહેલા માળે નવી સમોસરણ રચના કરીને છે. આજ કોઠીની અંદર અધિષ્ઠાયક ભોમિયાજી મહારાજ જેને ક્ષેત્રપાલ દેવ પણ કહેવામાં આવે છે એમની સ્થાપના કરવામાં આવી છે એમની કથા મુજબ તેઓ બનારસના મહારાજા મહાસેનના પુત્ર હતા. એનું નામ હતું ચંદ્રશેખર રાજા. તેમણે પોતાની માતા યશોમતી ની સાથે શિખરજીની સંઘ સહિત યાત્રા કાઢી શિખરજી થી અમુક કિલોમીટર પહેલા વર્તમાન નિમ્યાઘાટ પાસે રોગગ્રસ્ત બન્યા અને એમણે જાણ્યું કે હવે એમની અંતિમ ક્ષણો આવી ગઈ છે અને શઘમાં રહેલા આચાર્ય ભગવંતો દ્વારા એમના નિર્વામણા કરવામાં આવ્યા અને એમની અંતિમ ક્ષણોમાં એમણે પાર્શ્વનાથનાથ ભગવાનનું સ્મરણ કર્યું અને સાથે સાથે તીર્થ રક્ષા નું સંકલ્પ પણ કર્યો અને તેઓની ઉત્પત્તિ દેવરૂપે થઈ.

હજી એક એવી કથા એવી છે કે તેઓ સીતા નાળા પાસે પહોંચતા એમના ઘોડાનો પગ લપસી જતા તેઓ ખીણમાં પડયા અને દેવલોક ગમન કર્યું અલગ અલગ માન્યતાઓ છે. તથ્ય કેવલી ગમ્ય છે પણ આ બે અલગ અલગ કથાઓ ભોમિયાજી મહારાજની આપણને જાણવા મળે છે અને એવી એક પ્રચલિત પરંપરા છે કે બધા જ સંપ્રદાયમાં કે અહીં ભોમિયાજી મહારાજના દર્શન કરીને યાત્રા શરૂ કરે છે અને તાકી આખી યાત્રા સંપૂર્ણ નિર્વિઘને પાર પડે. માનવામાં આવે છે જ્યારે કોઈ માર્ગ ભટકી જાય ભૂલી જાય છે ત્યારે તેઓ શ્વાનના રૂપમાં આવીને ભટકેલાને પણ રસ્તો બતાવે છે અને ઘણાને એવું સાક્ષાત પરિચય પણ થયો છે પરચો પણ મળ્યો છે .જ્યાં આજે જે સ્થાન છે એમનું મંદિર છે ત્યાં પહેલા એક વિશાળ વટ વૃક્ષ હતું ત્યાં તે યુવરાજનું અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો અને ત્યાં જ તે સ્થળે મંદિર નિર્માણ થયું છે. અહીં ભોમિયાજીની બે અલગ અલગ પ્રતિમાપિંડ  રૂપે જોઈ શકીએ છીએ. શ્વેતાંબર કોઠી થી આગળ નીકળતા દિગંબર જૈન બીસ પંથી કોઠી આવે છે આ કોઠી સમસ્ત મધુબનમાં સૌથી પ્રાચીન કોઠી છે. ૪૦૦ વર્ષથી વધારે પ્રાચીન છે અને ગ્વાલિયર ના ભટ્ટારક મહેન્દ્ર ભૂષણજી દ્વારા અહીં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. અહીંના મૂળનાયક પાર્શ્વનાથ

ભગવાનની અદભુત શામવરણીય પ્રતિમા છે. આ જીનાલયની ખાસિયત એ છે કે અહીંના અંદર માં એક નાનકડું જિનાલય છે અને આખેઆખું જિનાલય ચાંદીનું બનેલું છે. ભગવાન ચાંદીના રથમાં બિરાજમાન હોય એવું સરસ મજાનું સુંદર કોતરકામ પણ અહીં કરવામાં આવ્યું છે. હમણાં હાલમાં જ નવ નિર્માણ થયું છે 2015માં. સમ્મેત  શિખરજી જે મધુબન તળેટીમાં છે આચાર્ય શ્રી કીર્તીયશ સુરીશ્વરજી મહારાજની પ્રેરણાથી નિર્મિત થયું છે. મૂળ નાયક  શંખેશ્વર પાશ્વનાથ ભગવાન છે અને આ 1,10,600 સ્ક્વેર ફૂટના વિશાળ ક્ષેત્ર ફળ માં પથરાયેલું તીર્થ છે. એક લાખ પાંચ હજાર ઘન ફૂટ મકરાણા માર્બલ દ્વારા એનું નિર્માણ કરવામાં આવ્યું છે. મુખ્ય જિનાલય સાથે 24 તીર્થંકરોના નક્કાશી યુક્ત સ્વતંત્ર જિનાલય છે. શત્રુંજય ની જય તળેટીસમ શિખરજીની તળેટી નિર્મિત કરવામાં આવી છે અને 2015માં એનું અંજન પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવ્યો હતો. અહીં ભગવાનની મૂળ નાયક પાશ્વનાથ ભગવાનની જાહોજલાલી સાથે બિરાજમાન પાછળ પ્રતિમા ના દર્શન કરીએ. સરસ મજાના જીન બિંબો અહીં સ્થાપિત કરવામાં આવ્યા છે. ઉપરથી આપણે જોઈએ તો કેટલા મોટા ક્ષેત્રફળમાં આ કામ ચાલી રહ્યું છે. વચ્ચેનું જે સ્પેસ છે એમાં જળ મંદિર બનશે એવા પ્લાન છે. સરસ બારીક કોતરણીયુક્ત આ દેરાસર બની રહ્યું છે. એની પાછળમાં એક ગુફા મંદિર છે ધ્યાન આદિ કરવા માટે એ ગુફા મંદિરની અંદર શામવરણીય પાશ્વનાથ ભગવાનની સહપરિવાર ભવ્ય પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. બંને બાજુ જે ફોટા છે એમાં 24 તીર્થંકર ભગવાનતો જે જે મોક્ષે ગયા હતા તે મુદ્રામાં એમની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.. સરસ મજાના પરિકર સાથે ભવ્ય પરીકર યુક્ત જિન બમ્બોના  આપણે દર્શન કરીએ શેત્રુંજય માં જેમ જય તળેટી છે એમ અહીં પણ કામ કરવામાં આવ્યું છે અહીંથી સીધા ઉપર ચઢવાનો માર્ગ છે અને અહીં 24 એ 24 તીર્થંકર ભગવાનની નાની નાની પ્રતિમાઓની પણ સ્થાપના કરવામાં આવી છે.

હવે આપણે પહાડની યાત્રા શરૂ કરીશું. આ કુલ 27 કિલોમીટરની યાત્રા છે. 9 કિલોમીટર ઊંચું ચડવાનું છે આપણે ભ્રમણ કરવાનું છે અને નવ કિલોમીટર નીચે ઉતારવાનું છે. 27 કિલોમીટરની કુલ યાત્રા કરવાની છે. કુલ 31 ટૂંકના દર્શન કરવાના છે અને સાથે સાથે જલ મંદિરના પણ દર્શન કરવાના છે આ સમ્મેત  શિખર તીર્થ છે કે જેની એક તરફ પારસનાથ

ભગવાનની ટૂંક છે અને એક તરફ ચંદ્રપ્રભ સ્વામીની ટૂંક છે આ બંને સામસામે છે અને એમાં પાશ્વનાથ ભગવાનની સૌથી ઊંચામાં ઊંચી ટૂંક છે એના આપણે દર્શન કરીશું. તળેટીથી ચાર કિલોમીટર દૂર આગળ ગંધર્વ નાડો આવશે પછી સીતા નાડો આવશે ત્યાંથી ખૂબ જ આકરું ચઢાણ આવશે અને ત્યાંથી પાર કરીને સૌથી પહેલા ગૌતમ સ્વામી ભગવાનની ટૂંક આવશે પછી શ્રેણીબદ્ધ અલગ અલગ ટૂંકો આવશે એની આપણે યાત્રા કરીશું.

સૌથી પહેલા આપણને પ્રવેશ દ્વાર દર્શન થાય છે આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે ડાબી બાજુએ ક્ષેત્રપાળની ડેરી છે એમના દર્શન કરીશું કે આપણી યાત્રા નિર્વિઘ્ન પૂરી થાય. થોડા આગળ જતા ઉપરથી આપણે મધુબનનું વિહંગમ દર્શન થાય છે. મધુબન એટલે જીનાલયની નગરી કે જે આજે 200થી પણ વધુ દેરાસર જિનાલય છે. એ દિગંબર પરંપરા ના હોય કે શ્વેતાંબર પરંપરાના હોય. આ દ્રશ્ય જોતા જોતા આપણે આગળ વધીએ છીએ આગળ બે કિલોમીટરનું ચઢાણ પૂરું કરતા આપણને કલીકુંડ તીર્થ ધામની યાત્રા થાય છે જ્યાં  ત્યાં 23 જિનાલય નું સંકુલ છે તીર્થંકર  ભગવાનતો અહીં મોક્ષે ગયા છે તે 20 તીર્થંકર ભગવાનતના સ્વતંત્ર જિનાલય એક મૂળનાયક પરમાત્માનું જિનાલય ગૌતમ સ્વામી ભગવાનનું એક જિનાલય એમ કુલ મળીને 23 જિનાલયો નું સંકુલ છે એની પ્રતિષ્ઠા 2010માં આચાર્ય શ્રી રાજેન્દ્ર સૂરીજી મહારાજ દ્વારા કરવામાં આવી. આગળ વન્ય ક્ષેત્રમાંથી પસાર થતા થતા આગળ આવે છે ગંધર્વનાડુ. આ  નાડો આ એક નાનકડું ઝરણું છે એની બાજુમાં ભાતા ઘર છે ત્યાંથી આગળ વધતા સીતા નાડા આવે છે આ  ઝરણાની ખાસિયત એ છે કે કોઈપણ સીઝન હોય આ ઝરણું સતત ચાલતું જ રહે છે.  આની અંદર એટલું સરસ શીતલ પાણી હોય છે અને એની બાજુમાં બે અલગ અલગ નાની નાની ટૂંકો છે એમાં ગુરુ ભગવાનતો ના ચરણ પાદુકા છે પણ કયા ગુરુ ભગવાનતો એ આપણને ખબર નથી કારણ કે ત્યાં એમના નામ આદિનું કોઈ ઉલ્લેખ આપણને પ્રાપ્ત થતો નથી. અહીંથી પર્વતરાજ નું વિહંગમ દ્રશ્ય આપણને દેખાય છે. પાંચ કિલોમીટરનું આરોહણ કરતા ગૌતમ સ્વામીની ટૂંકમાં આવે છે. એમાં કુલ 35 ગણધર ભગવંતોની ચરણ પાદુકા છે એમાં 24 તીર્થંકરોના પ્રમુખ ગણધર સાથે પાશ્વનાથ ભગવાનના દસ ગણધર અને ગૌતમ સ્વામીની પોતાની ચરણ પાદુકા કુલ મળીને એમ 35 ચરણ

પાદુકાઓ અહીં બિરાજમાન છે અને ગૌતમ સ્વામી મહારાજની સ્વતંત્ર પાદુકા પણ બિરાજમાન છે એવી આ ટૂંકમાં આપણે દર્શન કરીએ. ત્યાંથી આગળ વધતા ચાર શાશ્વત જીનની ટૂંક આવે છે ઋષભ ઋષભ આનંદ સ્વામી ચંદ્રનંદ સ્વામી વર્ધમાન સ્વામી અને વારીસેણ સ્વામીએવું શાશ્વત જીન છે એટલે એમની ભરત ક્ષેત્ર માં ફરે છે એમની સ્મૃતિ રૂપ પાદુકાઓ સ્થાપિત કરવામાં આવી છે. વર્ધમાન સ્વામી અને વારીસેણ સ્વામીના  જિનાલય છે એ ખૂબ જ નક્કર નકાશી સાથે ભવ્યાતિ ભવ્ય તેમની આરસપાષાણમાં નિરમાં ણ કરવામાં આવ્યા છે અને એની અંદર માં ફૂલદાની અંદર શત્રુંજય મહાતીર્થ શિખર મહાતીર્થ આ બધાની કામગીન્સ કરવામાં આવી છે ખુબ જ સરસ મજાનું કામ કરવામાં આવ્યું છે આ બંને ટૂંકોમાં.

હવે આપણે નિર્વાણ ટૂંકોની યાત્રા શરૂ કરીશું અહીં ગૌતમ સ્વામી ની ટૂંકથી લઈને પાર્શ્વનાથ ભગવાનની ટૂંક સુધી ઘણી બધી ટૂંકો રસ્તામાં વચ્ચે વચ્ચે આવે છે અને એમની એક એક કરીને આપણે યાત્રા કરીશું. સૌથી પહેલા આવે છે  જ્ઞાનધરગીરી ટૂંક. અહી કુંથું નાથ ભગવાન એક હજાર શિષ્યો સાથે નિર્વાણ પામ્યા હતા. ચૈત્રવદ એકમના દિવસે નિર્વાણ સમયે એમનો એક માસનો ઉપવાસ હતો કાઉસ્સગમુદ્રામાં નિર્વાણ પામ્યા હતા અને એમની સ્મૃતિમાં અહીં જગત શેઠ ખુશાલ ચંદે ડેરીનું નિર્માણ કર્યું છે. પછી આવે છે મિત્ર ધર ટૂંક નમીનાથ ભગવાનની નિર્વાણ ભૂમિ છે અહીં તેઓ ચૈત્રવદ દશમના દિવસે 1000 શિષ્યો સાથે નિર્વાણ પામ્યા હતા તેઓનું પણ માસ ક્ષમણ હતું અને તેઓ પણ કાઉસ્સગમુદ્રામાં નિર્વાણ પામ્યા નાટક ગીરી ટુક શ્રી અરનાથ ભગવાનની આ નિર્વાણ ભૂમિ છે તેઓ પણ માગસર સુદ દશમ ના રોજ 1000 શિષ્યો સાથે નિર્વાણ પામ્યા હતા નિર્વાણના સમયે પણ એમને એક માસ હતો એક માસનો ઉપવાસ હતો અને તેઓ પણ કાઉસ્સગમુદ્રામાં નિર્વાણ પામ્યા હતા. સબલગીરી ટુક જ્યાં મલ્લીનાથ પરમાત્માની નિર્વાણ ભૂમિ છે જે ફાગણ સુદ બારસના દિવસે 500 સાધુ ભગવંતો અને 500 સાધ્વીજી સાથે નિર્વાણ પામ્યા હતા. નિર્વાણ સમયે એમને એક માસનો ઉપવાસ હતો અને તેઓ પણ કાઉસ્સગમુદ્રામાંમાં નિર્વાણ પામ્યા હતા. એક અલગ જ ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય મલીનાથ ભગવાન સ્ત્રી સ્વરૂપે હતા અને એમની સાથે 500 સાધુઓ તથા 500 સાધ્વીજીએ સાથે  નિર્વાણ પામ્યા. સંકુલગીરી ટૂંકા આવે છે જે ભગવાન શ્રી શ્રેયાંશ નાથની

નિર્વાણ ભૂમિ છે. તેઓ અષાઢવદ ત્રીજના દિવસે હજાર શિષ્યો સાથે નિર્વાણને પ્રાપ્ત કર્યું હતું. નિર્વાણ સમયે એમને એક માસનો ઉપવાસ હતો અને તેઓ પણ કાઉસગમુદ્રામાં નિર્વાણ પામ્યા આગળ સુપ્રભાતિ ગીરી ટ્રંક આવે છે સુપ્રભગીરી ટ્રંક આવે છે આ શ્રી સુવિધિનાથ ભગવાનની નિર્વાણ ભૂમિ છે ભાદરવા સુદ નોમના રોજ 1000 શિષ્યો સાથે તેઓ નિર્વાણ પામ્યા હતા. નિર્વાણ સમયે તેમને એક માસનો ઉપવાસ હતા અને તેઓ પદ્માસન મુદ્રામાં નિર્વાણ પામ્યા. ચરણ પાદુકા થોડાક અલગ લાગશે કારણ કે એ નવનિર્મિત ચરણ પાદુકા છે પ્રાચીન જે ચરણ પાદુકા હતા એ વીજળી પડી જતા નષ્ટ થયા ત્યારબાદ નવા ચરણ પાદુકાઓ સ્થાપિત કરવામાં આવ્યા. મોહનગીરી ટુક શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાનની આ નિર્વાણ ભૂમિ છે કારતકવદ અગિયારસના રોજ 308 શિષ્યો સાથે તેઓ નિર્વાણ પદને પ્રાપ્ત થયા. નિર્વાણ સમયે એમને એક માસનો ઉપવાસ હતો અને તેઓ કાઉસ્સગમુદ્રામાંમાં નિર્વાણ પામ્યા. નિર્જળ ગીરી ટ્રંક કે જ્યાંથી મુનિ સુવ્રત  સ્વામી ભગવાન નિર્વાણ પામ્યા હતા વૈશાખ વદનોમના રોજ 1008 શિષ્ય સાથે તેઓ નિર્વાણ પદને પામ્યા. તેમને એક માસનો ઉપવાસ હતો અને કાઉસ્સગમુદ્રામાં તેઓ નિર્વાણ પામ્યા.

ચંદ્રપ્રભ સ્વામીની ટ્રંક દેખાય છે લલિત ઘટ્ટ ટ્રંક આપણે પહોંચ્યા અહીં ચંદ્રપ્રભ સ્વામીની આ નિર્વાણ ભૂમિ છે. શ્રાવણવદ સાતમના રોજ 1000 શિષ્યો સાથે એમને નિર્વાણ પદની પ્રાપ્તિ કરી નિર્વાણ સમયે એમને એકમાસનો ઉપવાસ હતો અને તેઓ કાઉસગ મુદ્રામાં નિર્વાણ પામ્યા. આ આખે આખી ટ્રંક નવનિરમાણ કરવામાં આવ્યું છે પહેલા આ ટ્રંક નાની હતી હવે એને વિસ્તૃત કરીને અહીં મોટી ટ્રંક બનાવવામાં આવી છે. અંદરમાં આપણે જોઈ શકીએ છીએ કે જૂની હતી અને બહારથી નવું સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે  જીનાલય બનાવવામાં આવ્યું .છે અહીંના પણ જુના પાદુકાઓ ખંડિત થઈ ગયા હતા એ પણ નવા કરવામાં આવ્યા છે. અહીંથી ઉતરીને આપણે સ્વયંભૂગિરી  ટુક ઉપર જઈએ શ્રી અનંતનાથ સ્વામીની આ નિર્વાણ ભૂમિ રહી છે. ચૈત્ર સુદ પાંચના રોજ સાત હજાર શિષ્યો સાથે તેઓ નિર્વાણ પામ્યા. નિર્વાણ સમયે એમને એક માસનો ઉપવાસ હતો અને તેઓ પણ કાઉસ્સગમુદ્રામાં નિર્વાણ પામ્યા. આગળ આવે છે વિદ્યુત ગીરી ટુક આ શ્રી શીતલનાથ ભગવાનની નિર્વાણ ભૂમિ રહી છે .ચૈત્રવદ

બીજના રોજ 1000 શિષ્યો સાથે તેઓએ નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું. નિરવાણ સમયે એમણે એક માસનો ઉપવાસ હતો અને તેઓ પણ કાઉસ્સગમુદ્રામાંમાં નિર્વાણ પામ્યા. આગળ આવે છે દત્ત ધવલ ટ્રંક શ્રી સંભવનાથ ભગવાનની આ નિર્વાણ ભૂમિ રહી છે ચૈત્ર સુદ પાંચમના રોજ 100 શિષ્યો સાથે તેઓ નિર્વાણને પામ્યા નિર્વાણ સમયે એમને એક માસનો ઉપવાસ હતો અને તેઓ કાઉસ્સગમુદ્રામાંમાં નિર્વાણ પામ્યા. આનંદ ગીરી ટ્રંક જ્યાં  અભિનંદન સ્વામી ભગવાનની નિર્વાણ ભૂમિ છે વૈશાખ સુદ આઠમના રોજ એક હજાર શિષ્યો સાથે તેઓએ નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું હતું નિર્વાણ સમયે એક માસનો ઉપવાસ હતું અને કાઉસ્સગમુદ્રામાંમાં તેઓ નિર્વાણ પામ્યા હતા.

હવે સાથે સાથે અન્ય ભગવંતોની ટ્રંકમાં અંગે પણ આપણે જોઈએ તો તેઓ અહીંથી મોક્ષ ગતિ પામ્યા નથી પણ એમની સ્મૃતિરૂપ આદિનાથ ભગવાન વાસુપૂજ્ય સ્વામી ભગવાન નેમિનાથ મહાવીર સ્વામી અને શુભ ગણધર ની ટ્રંકો આવેલી છે જે અલગ અલગ સ્થળેથી નિર્વાણ પામ્યા હતા અને ડાબી તરફ આપણે જોઈ શકીએ છીએ કે જલ મંદિરની સામે શુભ ગણધર ની ટ્રંક છે જે પાર્શ્વનાથ ભગવાનના પ્રમુખ ગણધર હતા એમના ચરણ પાદુકાઓ સ્થાપિત કરવામાં આવ્યા છે. જલ મંદિરનું નિર્માણ  18 મી સદીમાં ખુશાલ ચંદ દ્વારા કરવામાં આવ્યું હતું તપાગચ્છ આચાર્ય શ્રી ધર્મસુરીશ્વરજી મહારાજના હસ્તે એની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. અહીંના મૂળ નાયક શ્રી સમ્મેત શિખર સામલીયા પાર્શ્વનાથ ભગવાન છે અહીં ઉલ્લેખનીય છે કે અહીં જલ મંદિરની સ્થાપના પહેલા થઈ છે એ પછી ચરણ પાદુકાઓની સ્થાપના થઈ છે અહીં પહેલા કોઈ જૂનું જિનાલય હશે કાલ ક્રમે ક્ષય થતા પછી આ નવા દેરાસરનું નિર્વાણ કરવામાં આવ્યું હશે કેમકે આ જિનાલય માં 12 મી સદીની ધાતુની પ્રાચીન પ્રતિમા સ્થાપિત છે કાલાતરમાં આના ઘણા જીર્ણોદ્ધાર થયા છે 19 મી સદીમાં અને હમણાં જ હાલમાં 1971 માં પણ જીર્ણોદ્ધાર થયો છે. દિવસ અને રાત્રીના પણ અહીં શામળિયા પાર્શ્વનાથ ભગવાનના દર્શન રમણીય લાગે છે. એની નીચે આપણને જુનો લેખ પણ મળે છે. જે ખુશાલ ચંદે જ્યારે સ્થાપિત કર્યું હતું તે સમયનો લેખ પણ આજે આપણને મળે છે. જલ મંદિર થી આગળ વધતા દત્ત વરગીરી ટુક શ્રી ધર્મનાથ ભગવાનની નિર્વાણ ભૂમિ રહી ચૂકી છે જેઠ સુદ

પાંચમના રોજ 108 શિષ્યો સાથે તેઓએ અહીં નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું. નિર્વાણ સમયે એક માસનો ઉપવાસ હતો અને તેઓ કાઉસ્સગ નિર્વાણ પામ્યા હતા. અચલગીરી ટ્રુક જ્યાં ભગવાન શ્રી સુમતિ નાથ નિર્વાણ પામ્યા હતા ચૈત્ર સુદ નોમના રોજ 1000 શિષ્યો સાથે તેમણે નિર્વાણ પદની પ્રાપ્તિ કરી હતી નિર્વાણ સમયે એમનો એક માસનો ઉપવાસ હતો અને કાઉસ્સગ મુદ્રામાં તેઓ નિર્વાણ પામ્યા હતા. આગળ પ્રભાસગીરી ટૂંક આવે છે જે શાંતિનાથ ભગવાનની નિર્વાણ ભૂમિ રહી ચૂકી છે વૈશાખ સુદ 13 ના રોજ 900 શિષ્યો સાથે તેમણે નિર્વાણ પદની પ્રાપ્તિ કરી હતી. નિર્વાણ સમયે એમને એક માસનો ઉપવાસ હતો અને પદ્માસન મુદ્રામાં એમણે નિર્વાણની પ્રાપ્તિ કરી હતી. બધી ટૂંકો કરતા આ ટૂંકનો સ્થાપત્ય થોડું અલગ છે. અહીં થોડીક બારીક કોતરણી પણ કરવામાં આવી છે. બંને તરફ જે દ્વારપાલો છે એની પણ સ્થાપના કરવામાં આવી છે બાકી બધી જગ્યાએ બનાવવામાં આવી છે જ્યારે અહીં શિખર સ્ટાઇલ છે.

આગળ પ્રભાસ ટૂંક  છે જે શુંપાશ્વરનાથ ભગવાનની નિર્વાણ ભૂમિ છે મહાવદ સાતમના રોજ 500 શિષ્યો સાથે તેમણે નિર્વાણ પદની પ્રાપ્તિ કરી હતી. નિર્વાણ સમયે એમને એક માસનો ઉપવાસ હતો અને તેઓ કૌશક મુદ્રા માં નિર્વાણ પામ્યા હતા. નિર્મલગીરી ટુંક આવે છે જે વિમલનાથ ભગવાનની નિર્વાણ ભૂમિ છે. જેઠ સાતમના રોજ 6000 શિષ્યો સાથે તેઓએ નિર્વાણની પ્રાપ્તિ કરી હતી. નિર્વાણ સમયે એમને એક માસનો ઉપવાસ હતો અને તેઓ પણ કાઉસ્સગમુદ્રામાં નિર્વાણ પામ્યા હતા સિધ્ધવર ટૂંક આ ભગવાન અજીતનાથની નિર્વાણ ભૂમિ છે ચૈત્ર સુદ પાંચમના રોજ 1000 શિષ્યો સાથે તેમણે નિર્વાણ પદની પ્રાપ્તિ કરી હતી નિર્વાણ સમયે એક માસના ઉપવાસ હતા એમને તથા તેઓ પણ કાઉસ્સગમુદ્રામાંમાં નિર્વાણ પામ્યા હતા. હવે સામે પાર્શ્વનાથ ભગવાનની ટૂંકા આપણને દેખાય છે જે આખા ગિરિરાજ માં સૌથી ઊચામાં ઊંચી ટૂંક છે એનું નામ મેઘાડંબર સુવર્ણ ભદ્ર ટૂંક છે જે મેઘને પણ આડબર આપે છે આ પાર્શ્વનાથ ભગવાનની નિર્વાણ ભૂમિ છે. શ્રાવણ સુદ આઠમના રોજ 33 શિષ્યો સાથે એમણે નિર્વાણ પદની પ્રાપ્તિ કરી હતી નિર્વાણ સમયે એમને એક માસના ઉપવાસ અને તેઓ પણ કાઉસ્સગમુદ્રામાં મુદ્રામાં મોક્ષને પ્રાપ્ત કર્યો હતો.  ઈસ 1903 માં શ્વેતાંબરસંઘ દ્વારા જૂની ટૂંક પર આરસના જિનાલય નું નિર્માણ થયું હતું. ઉપર જિનાલય તથા નીચે ભોયરામાં ગુફા મંદિર

બનાવવામાં આવ્યું છે અહીં ગુફા મંદિરની અંદર ડાબી તરફમાં જુના પાદુકા છે જે તપાગચ્છિય આચાર્ય શ્રી રાજ સૂરીશ્વરજી દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે અને ઉપરના માળમાં ભવ્ય સોનાના વરખથી આખી મઢેલી એવી આપણને ડેરીના દર્શન થાય છે જેમાં પાર્શ્વનાથભગવાનની પાદુકાઓ બિરાજમાન છે અને આ પાદુકા 19 મી સદીમાં આચાર્ય શ્રી જૈન રત્ન સુરીશ્વરજી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી.

હવે આપણે ઋજુવાલિકા તીર્થની વાત કરીએ તો રુજુવાલીકા એ માત્ર ને માત્ર અમુક કિલોમીટર જ દૂર છે સમય તો શિખર થી જે ગીરડી જિલ્લાના કટવાલહિડ ગામમાં બરાકર નદીના કિનારે સ્થિત છે. શ્વેતાંબર પરંપરા અનુસાર જ્યાંથી મહાવીર સ્વામી ભગવાનનું કેવળ જ્ઞાન થયું છે એવા ઋજુવાલીકા તીર્થની ભૂમિ છે મધુબન થી તે માત્ર 17 km દૂર છે એટલે ગાડીમાં જવાથી 20 થી 25 મિનિટ જ લાગે એટલી દૂર છે. આ ભૂમિ આગમોમાં જે રજૂઆલીયા નદી હતી જે જુબક ગામનું વર્ણન કરવામાં આવ્યું હતું એનું વર્તમાન સ્થળ એ આજની આ તીર્થભૂમિ છે. અહીંથી ત્રણ માઈલ દૂર ઝમક નામનું ગામ છે એ જ પ્રાચીન કાળમાં જુબક ગ્રામ હતું જ્યાં શાલવ વૃક્ષના નીચેથી પરમાત્મા શ્રી મહાવીર દેવને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. એની આપણે સ્મૃતિ લાવીએ 12:30 મહિના ની છદમસ્ત અવસ્થામાં પ્રભુએ ઉપવાસ કર્યા અને અનેક મહાન તપસચર્યા કર્યા બાદ અલગ અલગ ઉદ્યાનો વન સ્થાનો નિર્જન સ્થાનો વગેરેમાં ઘણી બધી જગ્યાએ ધ્યાનમાં રહીને દેવો દ્વારા પણ પ્રભુ પર ઉપસર્ગ થયા આટલા બધા ઉપસર્ગ અને પરિષહોને ખૂબ જ સમતા ભાવ સાથે સહજ રીતે સહન કરતા કરતા પ્રભુએ 2600 વર્ષ પહેલાં પાવાપુરી અહીં આ ધર્મ આદરિયો અને આ જ નદીના કિનારે જુબક ગામમાં પ્રભુ પધાર્યા. એ કાળમાં પ્રભુએ સમમસ્ત પદાર્થો એની ત્રીકાલિક અવસ્થા એમના ગુઢ રહસ્યો આ બધાનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું. અહિંસા સંયમ અને તપની મહા સાધના કરીને ચારે ચાર ઘાતી કર્મનો પ્રભુએ ક્ષ્ય કર્યું અને આ મહા સાધનોની અંતિમ સમય નિકટ આવી રહ્યો હતો ત્યારે પ્રભુજીએ ગોદોહિકા આસનમાં બિરાજમાન થઈને શુકલ ધ્યાનમાં પ્રવેશ કરીને કર્યો ત્યારે એમનું મન નીશ્પ્રકંપ થઈ ગયું. ઉત્તરોત્તર ધ્યાનમાં જ્ઞાનાવરણીય

મોહનીય દર્શનીય અને અંતરાય ચારે ચાર ઘાતી કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાન અને કેવળ દર્શન ને પ્રભુએ પ્રગટ કર્યા દર્શનના વૈશાખ સુદ દશમના ચોથા પ્રહરે પ્રભુએ સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા એવી આ અદભુત રજૂઆતાની ભૂમિ છે જેની સ્પર્શનાનું પાકો લાભ આ નદીએ લીધો હતો. પ્રભુના અંતિમ ચરણો તો રુજુવાલિકામાં જ પડ્યા હતા કેમકે અહીંની રેતીમાં પ્રભુ અંતિમ વાર ચાલ્યા હતા એમના મૂલાયમ પગલા આ ભૂમિ પછી ક્યાંય પડ્યા જ નથી ત્યારબાદ એમને કેવળજ્ઞાન થઈ ગયું .પ્રભુ અહીં આવ્યા ત્યારે જમીન ઉપર ચાલતા હતા અને જ્યારે કેવળ જ્ઞાન પામીને નીકળ્યા ત્યારે સુવર્ણ કમળો ઉપર પગ મૂકીને આવ્યા. આ અંતિમ હતી કે ત્યારબાદ પ્રભુ ધરા તલથી દૂર રહ્યા ઉપર રહ્યા એટલે પ્રભુજીનો પાવન પડછાયો આ નદીએ નિહાળીઓ છે, પ્રથમ દેશના આ નદીએ સાંભળી છે પ્રભુનું પ્રથમ દેશના પણ આ નદીએ સાંભળી છે અહીંના રહેતા ખડખડ જળમાં વીર વીર શબ્દનો કલવર આપણને સંભળાતો હોય એવી અદભુત આ રજૂઆલીકાની ભૂમિ છે ત્યારે પ્રસંમરતિ મહારાજ સાહેબના આપણને શબ્દો યાદ આવી જાય

"રુમઝુમ વહે ઋજુવાલુકા, પ્રભુ વીરના સ્પંદન ધરી
રણઝણ કરે છે ઘંટડી સમ, જલતરંગ ફરી ફરી
ખળ ખળ કરે કલશોર એવા, પારદર્શી જલે ભરી.
પળ પળ કહે ભગવંતના, કૈવલ્યની ઘટના ખરી"

-પ. પૂ. પ્રશમરતિવિજયજી મહારાજ

વિચાર કરીએ કે 2600 વર્ષ પહેલા આ ભૂમિની કેવી સ્પર્શના રહી હશે કે ભગવાન મહાવીર પ્રભુ અહીં પધાર્યા હતા અને તેઓ અહીંથી સર્વજ્ઞાની સર્વ દેસી બન્યા હતા. એવા ઋજુ વાલિકા ની કેવળ જ્ઞાનની ક્ષણો આપણે માણી અને હવે અહીંના તીર્થની યાત્રા કરીએ.

અનેક તીર્થમાળાઓમાં આ તીર્થના વર્ણન આપણને મળે છે. જૂનામાં જૂનું વર્ણન આપણને પન્યાસ હંસ સોમજી મહારાજ ઈસવીસન 1509 માં મળે છે શું છે કે સમેત શિખર થી વીસ કોસ ઋજુ વાલિકા દૂર હતું પછી જય વિજયજી મહારાજે પણ 17મી સદીમાં તેઓએ જણાવ્યું છે કે સમેત શિખર થી જમણી બાજુએ આ તીર્થ હતું. સૌભાગ્ય વિજયજી મહારાજ દ્વારા પણ

17 મી સદીમાં આપણને ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે આ તીર્થ શિખર ની દક્ષિણ દિશામાં સ્થત હતું. વિજય સાગરજી મહારાજ દ્વારા પણ આપણને ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે સમ્મેત શિખર થી બારકોસ આ તીર્થ દૂર હતું. આ ઉલ્લેખોને જાણતા જાણતા આપણને ખબર પડે છે કે આ ભૂમિ ઉપર કાળ ક્રમે નવા દેરાસરની નિર્માણ થયું જે જગત શેઠે બનાવ્યું હતું પણ એ કહ્યું હતું એ આપણે આગળ જાણીશું.

વર્તમાનમાં અહીં ચાર સુંદર જિનાલય શોભાય મન છે સૌથી પહેલા તો મહર્ષિ મહાવીર સ્વામી કેવળ જ્ઞાન કલ્યાણ તીર્થ છે ત્યારબાદ એ ગોદોહિકા આસનમાં જેમાં પ્રભુને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું હતું એ મુદ્રામાં અહીં જીનાલય છે. હાલમાં જેનું નિર્માણ થયું છે એ સમોશરણ મંદિર અને ચોથું છે નંદપ્રભા ઋજુ વાલીકા તીર્થ કે જેની પ્રતિષ્ઠા ડિસેમ્બરમાં થવાની છે સાથે સાથે રૂજવાલી કાના ખડખડ ઝરણા નું આલંબન છે એ બધાની આપણે હવે યાત્રા કરીશું.

સૌથી પહેલું જૂનામાં જૂનું જીના લે છે અહીંનું એ છે મહાવીર સ્વામી કેવળ જ્ઞાન કલ્યાણક તીર્થ જેનું નિર્વાણ મુર્શિદાબાદના બાબુ શ્રી ધનપતસિંહજી દ્વારા 1874 માં કરવામાં આવ્યું અને ઈસવીસન 2000 ની સાલમાં મૂળનાયક પ્રભુની નૂતન પ્રતિમા ની સ્થાપના કરવામાં આવી ઈસવીસન 2014 માં સાધવી શ્રી મણીપ્રભાજી મહારાજ સાહેબની પ્રેરણાથી પ્રાચીન જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. પહેલા અહીં માત્ર ચરણ પાદુકાઓ હતી એ પછી મહાવીર સ્વામીની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી. આપણે વચ્ચોવચ્ચે જોઈ શકીએ છીએ કે ચરણ પાદુકાઓ બિરાજમાન છે. પ્રભુ એ ચતુર્મુખી રૂપે દેશના આપી હતી એની સ્મૃતિરૂપ ચાર ચરણ પાદુકાઓ બનાવવામાં આવી છે સાથે જમણી અને ડાબી બાજુએ એક જ પ્રતિમા એક આંગી વાળો અને એક આંગી  વગરનું રૂપ છે જેની ઈસ 2000 માં પ્રતિષ્ઠા કરવામાં આવી છે. જિનાલય ની ખાસિયત એ છે કે અહીંના રુજુવાલી કા નદી માંથી 2000 વર્ષ પહેલી સદીની પ્રભુની અદભુત પ્રાચીન પ્રતિમા પ્રાપ્ત થઈ છે એની સ્થાપના અહીં કરવામાં આવી છે આ પ્રતિમાની ખાસિયત એ છે કે એ સેમ સ્ટોન નામના પથ્થર થી નિર્મિત છે અહીં ધર્મચક્રનું અંકન છે આછા થયેલા બે સિંહ છે બંને તરફ આપણે જોઈ શકીએ છીએ કે ઈન્દ્રો ચામર ધરીને

ઉભા છે. આ આપણને 2000 વર્ષ જૂની પ્રતિમા સ્થાપના કરવામાં આવી છે આવી પ્રતિમાઓ બહુ રેર હોય કે જેની આપણને પૂજા કરવા મળતી હોય એક સાલ વૃક્ષ પણ હતું માન્યતા મુજબ પ્રભુને આ વૃક્ષ નીચે જ કહેવડ જ્ઞાન પ્રાપ્ત થયું હતું પણ આજે આ વૃક્ષ હયાત નથી કાળક્રમે આનો વિછેદ થયો છે હવે આપણે કેવળ જ્ઞાન કલ્યાણક મુદ્રા મંદિરની વાત કરીએ તો જ્યાં ગોદોહિકા આસનમાં પ્રભુ બિરાજમાન છે જેનું નિર્વાણ સાધવી શ્રી મણીપ્રભાજી મહારાજ સાહેબની પ્રેરણાથી થયું હતું અને 2014માં મહેન્દ્ર મુનિસાગરજી ને મુની મહેન્દ્ર સાગરજી ને ના વરદ હસ્તે જેની પ્રતિષ્ઠા થઈ છે 61 ઇંચના એટલે બહુ વિશાળ પ્રતિમા છે અને 81 ફૂટનો આ વિશાળ ગોળાકાર મંડપ છે એટલે પિલર લેસ મંડપ છે આપણે જ્યારે અંદર જઈએ ત્યારે આપણને માત્ર એક પ્રતિમા દેખાય બીજી કોઈ પણ પ્રતિમા જિનાલય ની અંદર બિરાજમાન નથી એના આપણે દર્શન કરીશું. ગોદોહિકા મુદ્રામાં પ્રભુના અહીં દર્શન થાય છે હાલમાં જ બે મહિના અગાઉ જેની પ્રતિષ્ઠા થઈ હતી એવા ભગવાનનું સમોસરણ મંદિર પ્રભુ વીરના પ્રથમ સમોસરણની પ્રતિમાનું નિર્વાણ કરવામાં આવ્યું છે. કલકત્તા ના કાંકરિયા પરિવાર દ્વારા આચાર્યશ્રી નિત્યાનંદ સુરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી છે ચેન્નાઈના શ્રાવકો દ્વારા આ બનાવવામાં આવ્યું હતું. મહાવીર સ્વામીની ચતુર્મુખી પરીકર યુક્ત પ્રતિમા છે જેને આપણે દર્શન કરીએ છે. આ છેલ્લું જિનાલય છે રુજુવાલીકા તીર્થનું નંદપ્રભા રજુવાલી કા તીર્થ જે હજુ પણ નિર્માણ આધીન છે અને એની પ્રતિષ્ઠા ડિસેમ્બરમાં છે એવું નંદપ્રભા પરિવાર દ્વારા સ્વનિર્વાણ પામી રહ્યું છે.

આ તીર્થ જે 68 એકરના વિશાળ પરિસરમાં આ તીર્થની સ્થાપના થઈ રહી છે. છ અને આઠ તારીખે ડિસેમ્બરની છ અને આઠ તારીખે 6 તારીખે અંજન શલાકા અને આઠ તારીખે પ્રતિષ્ઠા થશે આચાર્ય ભગવાન મુક્તિ પ્રભુ સૂરીશ્વરજી મહારાજ દ્વારા એવો કોન્સેપ્ટ છે કે પ્રભુ અહીંથી નીકળ્યા હતા કેવળ જ્ઞાન પ્રાપ્ત કરીને ત્યારબાદ સોનાના કમળ ઉપર પગ મૂકીને તેઓ ગયા હતા એટલે અહીં 42 કમળ આકારની રચના કરવામાં આવી છે આ અલગ અલગ જે ખાચા દેખાય છે એમાં 42 અલગ અલગ પ્રકારના પુષ્પો રોપવામાં આવશે જેના દ્વારા પ્રભુની પુષ્પ પૂજા થઈ શકે. અહીં અલગ અલગ વૃક્ષો અને ઉદ્યાનો નું નિર્વાણ થશે અહીં એક ગૌશાળાનું

પણ નિર્માણ થઈ ચૂક્યું છે અને એક ઘાટની પણ રચના થઈ છે કે જ્યાં બધા બેસીને ઋજુવાલિકાતીર્થ નદીનું ધ્યાન કરી શકે. અહીં મકરાણા આરસમાં આપણને ભવ્ય કોતરકામ જોવા મળે છે. રંગ મંડપમાં પણ જે ઊંધો કમળ છે જેની અંદર દેવાંગનાઓ બનેલી છે એવી સુંદર રચના આપણે જોઈ શકીએ છીએ. અહીં એક સ્ટાઇલ હોય નાગર શૈલીમાં ઉપસ્થિત વાળો જે દ્વાર કહેવાય નિર્મિત કરવામાં આવ્યું છે ખૂબ બારીક કોતરણી સાથે અને ગર્ભ ગૃહોની અંદર સમોસરણ ની રચના કરવામાં આવી છે જેમાં ચતુર્મુખ મહાવીર સ્વામી બિરાજમાન થશે અને એવો કોન્સેપ્ટ છે કે ત્રણ અલગ અલગ ઘટ ગઢ જે અલગ અલગ વર્ણન હતા. જો રજતનું હોય તો એના પર રજતની કોટિંગ કરવામાં આવશે અને રત્ન એ બધાને જ કોટિંગ કર્યા બાદ અહીં પ્રભુની બિરાજમાન અહીં કરવામાં આવશે

*****************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST